# સેક્ટર-૨૮ જીઆઈડીસીની દિવાલના બાકોરા પુરાયા

## આદિવાડાના કેટલાક શખ્સોએ બાકોરા પાડી આવન-જાવન માટે માર્ગ બનાવ્યો હતો, પોતાના વાહનો તેમજ પશુઓ બાંધતા પસાર થવું મુશ્કેલ બન્યું હતું

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરની સેક્ટર-૨૮ જીઆઈડીસીની દિવાલ આદિવાડા ગામને અડીને આવેલી છે, જે સરકારી મિલકત છે. ત્યારે સમય જતા આદિવાડા ગામના કેટલાક રહીશો દ્વારા જીઆઈડીસીની દિવાલને તોડીને તેમાં બાકોરા પાડીને આવન-જાવન માટેનો માર્ગ બનાવી દીધો હતો. જેથી આજે સવારના સુમારે જીઆઈડીસીના હોદેદારોએ એકઠા થઈને દિવાલનું રીપેરીંગ કરાવીને ત્રણ જેટલા બાકોરા તાત્કાલીક અસરથી પુરી દેવાયા હતા.

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક દાયકાથી સેક્ટર-૨૮ એન્જીનીયરીંગ એસ્ટેટ આવેલ છે. જીઆઈડીસીને અડીને આદિવાડા ગામે આવેલુ છે. જીઆઈડીસીની દિવાલ અને ગામના મકાનો દુર હતા.પરંતુ સમય જતા ગામમાં દબાણો ઉભા થતા મકાનો જીઆઈડીસીની દિવાલને અડી ગયા છે. ત્યારે કેટલાક શખ્સોએ ગામમાંથી ઘરે આવવુ દુર પડતુ હોય તેમજ ઘર પાસે વાહન પાર્કની જગ્યા ન હોવાથી જીઆઈડીસીની દિવાલને તોડીને બાકોરા પાડી રીતસરનો રસ્તો બનાવી દીધો હતો. ઘર પાસે વાહનો પણ ઉભા રહે અને પશુઓ પણ બંધાતા હતા. જેથી જીઆઈડીસીના હોદેદારોને ધ્યાને આ પ્રશ્ન આવતા કેટલીકવાર બાકોરા પુરી દેવા જણાવ્યું હતું.પરંતુ કેટલાક ગ્રામજનો આ પ્રશ્નને ગણકારતા ન હતા. જેને પગલે જીઆઈડીસીના હોદેદારોએ રેતી, સિમેન્ટ, ઈંટો સહિતનો સામાન તાત્કાલીક મંગાવી દિવાલની રીપેરીંગ કરાવી ત્રણ જેટલા બાકોરા પુરી દેવાયા હતા. જયારે આ બાકોરાના પગલે અસામાજીક પ્રવૃતિઓ પણ જીઆઈડીસી વિસ્તારમાં ફુલીફાલી હતી. ત્યારે બાકોરા પુરી દેવાતા જીઆઈડીસીના સૌ હોદેદારોએ રાહતનો શ્વાસ લીધો હતો.





## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર સ્માર્ટસીટીની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની આજે બેઠક મળી હતી જેમાં ચેરમેન તરીકે કમિશનર ધવલ પટેલની નિયુક્તી કરવામાં આવી હતી.
- ૧લી ઓગષ્ટથી ૯મી ઓગષ્ટ દરમ્યાન સુશાસનના પાંચ વર્ષની ઉજવણીના કાર્યક્રમોના આયોજનને આખરી ઓપ આપવામાં તંત્ર વ્યસ્ત બન્યુ છે.
- માદરેવતન યોજનાનું નામ બદલીને વતનપ્રેમ યોજના નામ રાખવાનો સરકારે નિર્ણય કર્યો છે.
- ગાંધીનગર જિલ્લાના ૨૬ ગામોમાં ગૌચર છે જ નહિ તો ૨૬૦થી વધુ ગામો જરૂરિયાત કરતાં ગૌચર ઓછુ છે.
- જિલ્લાના તબીબી અધિકારીઓની આજે સરદાર પટેલ હોલમાં સમીક્ષા બેઠક આરોગ્ય અધિકારી ડૉ. સોલંકી અને ડૉ. નાયકે લીધી હતી તેમજ આગામી કાર્યક્રમોની ચર્ચા કરી હતી.
- ગાયત્રી પરિવાર દ્વારા દેવ પરિવારની સ્થાપનાનું અભિયાન ચાલી રહ્યું છે.
- ગાંધીનગરમાં માર્ચ ૨૦૨૨માં પ્રથમવાર ડિફેન્સ એક્સ્પોનું આયોજન કરવામાં આવ્યું છે.
- 'ગ' રોડ પર નિર્માણાધીન અન્ડરપાસની કામગીરીને લઈ કોલેજોના પ્રવેશદ્વાર બંધ થતાં વિદ્યાર્થીઓને વૈકલ્પિક રસ્તાની પણ જાણ ન હોવાથી ભારે હાલાકી સૌને પડી રહી છે.
- જ્ઞાનશક્તિ દિવસની ઉજવણીનો રાજ્યકક્ષાનો કાર્યક્રમ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં મહાત્મા મંદિરે થશે અને તેનુ લાઈવ પ્રસારણ સમગ્ર રાજ્યમાં કરવામાં આવશે.
- શહેરમાં જાહેર માર્ગો પર આડેધડ પાર્કિંગ કરનારાઓ સામે ટ્રાફિક પોલીસે દંડનીય કાર્યવાહી આરંભી છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




અમારે ત્યાં ત્રીજી લહેર આવી જ ગઈ છે.. સાસુ - સસરા બેઉ રોકાઈને ગયા ત્યાં નણંદ આવવાની થઈ છે..!!

# સિવિલમાં ગરોળી બાદ રોટલીમાં કાંકરી આવતા અક્ષયપાત્ર સંસ્થાને નોટીસ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા પોણા બે વર્ષથી દર્દીઓનું જમવાનું અક્ષયપાત્ર સંસ્થા દ્વારા પુરુ પાડવામાં આવે છે. ત્યારે ગતરોજ સિવિલમાં સારવાર લઈ રહેલા દર્દીના જમવામાં પીરસવામાં આવેલી દાળમાંથી મૃત ગરોળી નીકળતા ચકચાર મચી જવા પામી હતી. જયારે રોટલીમાં કાંકરી આવતી હોવાની ફરીયાદ દર્દીઓ તરફથી આવતા સિવિલ તંત્રએ અક્ષયપાત્ર સંસ્થાને નોટીસ ફટકારી દર્દીઓના ભોજન અંગે ખાસ ધ્યાન રાખવા સુચના અપાઈ છે. તે ઉપરાંત સિવિલના સત્તાધિશોએ અક્ષયપાત્ર સંસ્થાના સભ્યો તેમજ સિવિલના કર્મચારીઓએ પણ જમવાનું લેતા સમયે સાવચેતી રાખવા માટે તાકિદ કરી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એડમીટ દર્દીઓને જમવાનું પહેલા હોસ્પિટલ તંત્ર દ્વારા જ પુરુ પાડવામાં આવતુ હતું. પરંતુ ત્યારબાદ છેલ્લા કેટલાક સમયથી સિવિલ તંત્ર દ્વારા દર્દીઓને બે ટાઈમ ભોજન પુરુ પાડવાની કામગીરી અક્ષયપાત્ર સંસ્થા દ્વારા કરવામાં આવે છે. ત્યારે ગાંધીનગર હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા અંદાજીત ૩૨૫ થી વધુ દર્દીઓને ભોજન પીરસવામાં આવ્યું હતું. જેમાં પીડીયાટ્રીક વોર્ડમાં એડમીટ દર્દીની દાળમાંથી મૃત ગરોળી નીકળતા ચકચાર મચી ગઈ હતી. ત્યારબાદ ભોજનનો નાશ કરાયો હતો અને ભોજન જમી લીધુ હોય તેવા દર્દીઓને પણ ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા હતા.

સિવિલ તંત્રએ પણ ગંભીર નોંધ લઈ અક્ષયપાત્રના સંચાલકોને બોલાવી સુચના આપી હતી. જયારે સિવિલમાં દર્દીઓને પીરસવામાં આવેલા ભોજનમાં રોટલીમાંથી કાંકરીઓ આવતા સિવિલ તંત્રનું ધ્યાન દોર્યુ હતું. ભોજનમાં બેદરકારીને પગલે સિવિલ તંત્રએ અક્ષયપાત્રને નોટીસ ફટકારી છે. જયારે પહેલાની જેમ હવે અક્ષયપાત્ર સંસ્થાનું ભોજન આરએમઓ ઓફિસમાં ચેક થશે ત્યારબાદ જ દર્દીઓને પીરસવામાં આવશે. તે ઉપરાંત અક્ષયપાત્ર સંસ્થાના સભ્યો અને સિવિલના કર્ચમારીઓએ ભોજન લેતા સમયે પણ ખાસ સાવચેતી રાખવાની સુચના આપવામાં આવી છે.

# શહેરના માર્ગો પર આડેધડ વાહન પાર્કીંગ સામે ટ્રાફિક તંત્રની લાલ આંખ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો પર વાહનચાલકો દ્વારા અડચણરૂપ પાર્કિંગ કરવામાં આવે છે. જેનો પગલે અન્ય વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જેથી ટ્રાફિક પોલીસ દ્વારા આડેધડ વાહનો પાર્ક કરનાર ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે.

સ્માર્ટ સીટી ગાંધીનગરનો રોકેટ ગતિએ વિકાસ થયો છે. પરંતુ શહેરમાં ટ્રાફિક ની સમસ્યા ખુબ જ વિકરાળ બની છે. શહેરના ઘ માર્ગ વાહન ચાલકો દ્વારા ગમે તેમ વાહનો પાર્ક કરવામાં આવતા ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. કયારેક અડચણ રૂપ વાહન પાર્કિંગને પગલે નાના મોટા અકસ્માત પણ સર્જાય છે. ત્યારે આજે ટ્રાફિક પોલીસ દ્વારા શહેરના માર્ગો પર અડચણ રૂપ વાહનો પાર્ક કરતા માલિકો સામે તવાઈ બોલાઈ હતી. ટ્રાફિક પોલીસે માર્ગ વચાળે પડેલા વાહનો પણ ડીટેઈન કરીને વાહન ચાલકોને પાવતી પકડાવી હતી. ટ્રાફિક પોલીસે શહેરના ઘ-૨, ઘ-૫, ઘ-૬ તેમજ રીલાયન્સ ચોકડી સહિત ન્યું ગાંધીનગરના વિસ્તારોમાં અડચણ રૂપ વાહનો મુકનાર ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી. આગામી સમયમાં પણ શહેરી વિસ્તારમાં ટ્રાફિક પોલીસની અડચણ રૂપ વાહનની ઝુંબેશ કાર્યરત રહેશે.






## દારૂ-જુગારના કેસમાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર-અમદાવાદના પ્રોહી-જુગારના ૧૧ જેટલા ગુનામાં સંડોવાયેલા અને છેલ્લા કેટલાક સમયથી નાસતા ફરતા કુબેરનગરના રીઢા ગુનેગારને એલસીબી પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અડાલજ પોલીસ મથકમાં પ્રોહીબિશનના નોંધાયેલા ગુનામાં કુબેરનગરનો રિતેશ ઉર્ફે માઈકલ ગોપાલભાઈ ગારંગે છેલ્લા દશ માસથી નાસતો ફરતો હતો. એલસીબી પીઆઈ એચ.પી. ઝાલાના માર્ગદર્શન હેઠળ વિવિધ ટીમો માઈકલને પકડી પાડવા માટે સક્રિય થઈ હતી. જેને અનુલક્ષી બાતમીને પગલે માઈકલને ગાંધીનગરથી પકડી પાડવમાં આવ્યો હતો. જુગાર અને પ્રોહીબિશનના માઈકલ સામે સરદારનગર, શાહીબાગ, શાહપુર અને રાણીપ સહિત ૧૦ જેટલા ગુના નોંધાયેલા છે. ત્યારે અડાલજ ખાતે પણ રિતેશ ઉર્ફે માઈકલ સામે પ્રોહીબિશનનો ગુનો નોંધાયેલ હતો.

# દેશી બનાવટની બંદુક સાથે ડફેરને એસઓજી પોલીસે ઝડપી પાડ્યો



ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર એસઓજી પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.એસ.રાણા અને એલ.એચ.મસાણી સહિત ટીમના સભ્યો કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે સમયે સાથે રહેલા હેડ કોન્સ્ટેબલ જગતસિંહ મગનસિંહને બાતમી મળી હતી કે પિયજથી રામનગર કેલના ઉફર આવેલ સાયફનની બાજુમાં આવેલી ખુલ્લી જગ્યામાં એક શખ્સ ગેરકાયદેસર બંદુક સાથે ફરે છે.જેને પગલે એસઓજી પોલીસે બાતમીવાળી જગ્યાએ તપાસ કરતા દેશી બનાવટની બંદુક સાથે અબ્દુલભાઈ હબીબભાઈ સીંધી (ડફેર, ઉં.૩૫ રહે. ગામ પીયજ ચરામાં તા કલોલ જી ગાંધીનગર)ને પકડી પાડી કલોલ તાલુકા પોલીસ મથકે ગુનો નોંધાવી આગળની તપાસ હાથ ધરી છે.

**જાહેર નિવિદા નં. ૦૪ (બીજો પ્રયત્ન)**
**સને ૨૦૨૧-૨૨**
**(માર્ગ અને મકાન વિભાગ (વિદ્યુત)**
**ગુજરાત સરકાર**
**(વિજળીકરણ કામના ઠેકેદારો માટે)**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં. ૨૨, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬. ફોન નં. ૦૭૯-૨૩૨-૫૯૫૧૬. દ્વારા વિજળીકરણને લગતા ૮ કામ જેની અંદાજીત કિંમત રૂ. ૪૪,૯૯૦.૦૯ થી રૂ. ૯૯,૮૫૩.૪૪ છે. આ કામ માટે યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા વિદ્યુત કામના ઠેકેદારશ્રીઓ પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૪/૮/૨૦૨૧ બપોરે ૪.૦૦ વાગ્યા સુધી છે. રજીસ્ટર પોસ્ટ એડી/સ્પીડ પોસ્ટથી ટેન્ડર પરત મેળવવાની તા. ૧૨/૮/૨૦૨૧ છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૭૩૮/૨૧-૨૨

**ટચુકડી જાહેર ખબર દર રવિવારે**

ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રાજ્યના બધા જ નાગરિકોને વેક્સિન આપી કોરોના સામે સંપૂર્ણ સુરક્ષિત કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ

સત્યમેવ જયતે ગુજરાત સરકાર

**આ રવિવારે વેક્સિનનો બીજો ડોઝ આપવામાં આવશે**



**વિશેષ અભિયાન :**
**તા.૧-૮-૨૦૨૧ને રવિવારે સમગ્ર રાજ્યમાં જે નાગરિકોએ વેક્સિનનો બીજો ડોઝ લેવાનો છે માત્ર તેમને જ બીજો ડોઝ આપવામાં આવશે**



**બીજો ડોઝ કોણ લઈ શકશે ?**

- આરોગ્ય મંત્રાલયની માર્ગદર્શિકા મુજબ કોવિશિલ્ડ વેક્સિનના **પ્રથમ ડોઝના ૮૪ દિવસ પછી બીજો ડોઝ** અને કોવેક્સિનના **પ્રથમ ડોઝના ૨૮ દિવસ પછી બીજો ડોઝ લઈ શકાય**
- પહેલા ડોઝ પછી કોઈ વ્યક્તિ કોવિડ પોઝિટિવ થયા હોય તો સાજા થયાના **ત્રણ મહિના પછી બીજો ડોઝ લઈ શકાય**

**ખાસ સૂચના**

- તા.૧-૮-૨૦૨૧ ને રવિવારે રાજ્યમાં રસીકરણનો **પ્રથમ ડોઝ ઉપલબ્ધ નહી થાય**
- **આરોગ્ય મંત્રાલયની માર્ગદર્શિકા મુજબના** પૂરતા દિવસો થયા હોય **એવી વ્યક્તિઓને જ બીજો ડોઝ આપવામાં આવશે**

**કોવિશિલ્ડ અને કોવેક્સિન મેળવવાના સ્થળ અલગ અલગ રહેશે અને તે પ્રમાણે તે જ સ્થળ પર વેક્સિન લેવાની રહેશે**

**રસીકરણમાં ગુજરાત અગ્રેસર**

- **૨,૪૮,૭૦,૦૦૬ વ્યક્તિઓએ** પ્રથમ ડોઝ લીધેલ છે
- **૭૭,૬૧,૭૫૬ વ્યક્તિઓએ** વેક્સિનના બન્ને ડોઝ લીધેલ છે

**તા.૧લી ઓગસ્ટને રવિવારે રાજ્યના તમામ જિલ્લાઓ-મહાનગરોમાં વેક્સિનનો બીજો ડોઝ લઈએ અને કોરોના સામે વધુ સુરક્ષા મેળવીએ.**

**- શ્રી નીતિનભાઈ પટેલ,**
**નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**